સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

વ્હાલા ગુજરાતના ભાઈઓ અને બહેનો,

મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન જે કોઈ યોજનાઓ બની અને તેનું અમલીકરણ થયું એમાં દેશના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી, ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ માનનીય શ્રી અમિતભાઈ શાહ, ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય-પ્રદેશ-સંગઠનના સૌ વરિષ્ઠ પદાધિકારીઓ, હોદ્દેદારો, કાર્યકરો, વહીવટી તંત્ર, સાધુ-સંતો, સામાજિક સંગઠનો, સંસ્થાઓ વગેરે તથા આપ સૌ નગરિકોનો સહકાર સાંપડ્યો છે. આ યોજનાઓથી આપ સૌ વાકેફ છો જ. સમાજના છેવાડાના માનવીને આ યોજનાઓનો લાભ વધુમાં વધુ મળે એવા પ્રયત્નો આપણે સૌ સાથે મળીને કરતા રહીએ અને ગુજરાતના ઉજ્જવળ ભવિષ્યની આગેકૂચને આગળ વધારીએ.

# પ્રગતિશીલ ગુજરાતની ગતિશીલ વિકાસગાથા...

**'ગતિશીલ ગુજરાત કાર્યક્રમ':** જેમાં ગુજરાતના દરેક વર્ગને આવરી લેતા વિકાસકાર્યોના તમામ પાસાઓ સાથે વનબંધુ વિકાસ, આરોગ્યલક્ષી કાર્યક્રમો, કૃષિ વિકાસ, પ્રજાની સલામતી અને માળખાકીય સેવાઓનો સમાવેશ થાય છે. તેના પ્રથમ તબક્કામાં ૧૩૮ ટકા, બીજા તબક્કામાં, ૧૨૬ ટકા, ત્રીજા તબક્કામાં ૧૩૩ ટકા કાર્યસિદ્ધિ પ્રાપ્ત થયેલ છે. તેના ચોથો વર્તમાન તબક્કો પણ પ્રગતિશીલ છે.

### યુવા વિકાસઃ

- 'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના' દ્વારા તમામને શિક્ષણ માટે ફી સહાય આપવા રૂા.૧ હજાર કરોડની સવલત...
- યુવા વર્ગને રમતગમત પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહન આપવા ખેલ મહાકુંભના વિજેતા ખેલાડીઓને ૩૦ કરોડના ઈનામો તથા પ્રતિભાશાળી ખેલાડીઓ માટે વિશિષ્ટ, ઘનિષ્ઠ તાલીમ શિબિરનું આયોજન
- વિશ્વકક્ષાએ ગુજરાતના યુવાનોને પ્રોત્સાહન આપવા માટે ઓલિમ્પિક ગોલ્ડ મેડલ વિજેતાઓને ૫ કરોડ, સિલ્વર મેડલ વિજેતાઓને ૩ કરોડના અને બ્રોન્ઝ મેડલ વિજેતાઓને ૩ કરોડના ઈનામો. આ જ રીતે એશિયન ગેમ્સ અને કોમનવેલ્થ ગેમ્સના ત્રણેય કેટેગરીના વિજેતાઓને માટે રૂા.૨ કરોડથી ૨૫ લાખ સુધીના ઈનામો.
- બિન અનામત વર્ગ માટે પ્રવેશ અને નોકરી માટે ૧૦ ટકા આર્થિક પછાતપણાના ધોરણે (EBC) સહાય
- યુવા ઉદ્યમીઓને પ્રોત્સાહન માટે સ્ટાર્ટ અપ પોલીસી અને ગુજરાત સ્ટાર્ટ અપ મિશનની રચના અને તેનું અમલીકરણ...
- 'ઈઝ ઓફ ડુંઈંગ બિઝનેસ' માટે ગુજરાતને દેશમાં પ્રથમ સ્થાન આપવ્યું.
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૫માં કુલ ૩૭ ક્ષેત્રોમાં કુલ ૨૧,૩૦૪ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર કરવામાં આવેલ છે તે પૈકી ૧૧,૩૧૭ પ્રોજેક્ટનું અમલીકરણ થયેલ છે અને ૩૮૯૩ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. આમ, વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૫માં થયેલ એમ.ઓ.યુ.માંથી ૭૧.૪૦% પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે.
- FDI રોકાણમાં એશિયા પેસિફિક રીજીયનમાં ભારત અગ્રેસર અને ભારતમાં ગુજરાત પ્રથમ ક્રમે...
- ટુરિઝમ ક્ષેત્રે વિવિધ બે કેટેગરીમાં દેશમાં સતત બીજીવાર ગુજરાતે પ્રથમ સ્થાન મેળવ્યું...

### મહિલા વિકાસઃ

- દિકરીઓને સિવિલ સર્વિસિસની પરીક્ષાઓ માટે રૂા.૧ લાખની સહાય...
- દિકરીઓને મેડીકલમાં અભ્યાસ માટે પ્રથમ વર્ષથી ૧૦૦ ટકા ફીની સહાય...
- તમામ મહિલાઓ માટે બ્રેસ્ટ કેન્સર અને સર્વાઈકલ કેન્સરની વિનામૂલ્યે તપાસ અને સારવાર
- સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં મહિલાઓ માટે ૫૦ ટકા અનામત
- મહિલાઓ માટે વિશેષ યોજનાઓ સાથે સતત ત્રણ જેન્ડર બજેટ
- સુરક્ષાસેતુ યોજના હેઠળ મહિલાઓને સ્વરક્ષાની તાલીમ
- નારી સલામતી માટે ૧૮૧ અભયમ્ હેલ્પલાઈન
- ૧૮૪ નારી અદાલતો દ્વારા મહિલાઓને ન્યાય
- મહિલા ઉદ્યોગ સાહસિકો માટે સાણંદ, હાલોલ અને ભરુચ પાસે 'મહિલા ઔદ્યોગિક પાર્ક' (મહિલા જીઆઈડીસી)
- મહિલા સંચાલિત દૂધ મંડળીઓને ૩૦૦ ચો.વાર જમીન અને મહિલા મંડળીઓને મકાન બાંધકામ માટે રૂા.૫ લાખની સહાય.
- મહિલા સંચાલિત દૂધ મંળીઓને 'બલ્ક મિલ્ક કુલર' અને 'મિલ્કિંગ મશીન'ની સહાય.

### આરોગ્ય સુવિધા

- 'મુખ્યમંત્રી મા વાત્સલ્ય યોજના' દ્વારા ૧ લાખ ૨૫ હજારથી વધુ કુટુંબોને સારવાર અને સહાય
- ડાયાબિટીઝ અને બ્લડપ્રેશરની તપાસ અને દવાઓ સૌના માટે વિનામૂલ્યે આજીવન
- પોલીસ સહિતની તમામ કેડરમાં ભરતીમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત
- ગ્રામ્યસ્તર સુધી મહિલા સુરક્ષા સમિતિઓની રચના
- માતા અને બાળકોની વિશેષા કાળજી માટે મધર એન્ડ ચાઈલ્ડ હોસ્પિટલના નિર્માણનો નિર્ણય
- કુપોષિત બાળકો માટે 'બાલ અમૃતમ્ યોજના'
- નિરાધાર બાળકો માટે નવા બે 'બાલ ગોકુલમ્'નો નિર્ણય
- સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સ (SPC) દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ
- મુખ્યમંત્રી તથા શહેરી વિકાસમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ૨૪૬ જેટલી ટાઉન પ્લાનીંગ (TP) સ્કીમ તથા ૪૮ જેટલા ડેવલપમેન્ટ પ્લાન (DP) મંજૂર કર્યા
- પ્રાઈવેટ સોસાયટીઓમાં આંતરિક કામો માટે સૌ પ્રથમવાર મહાનગર અને નગરપાલિકાઓને ગ્રાન્ટની ફાળવણી

### કૃષિ વિકાસ

- ખેડૂતોને રૂા.૩ લાખ સુધીનું કૃષિ ધિરાણ ફક્ત ૧ ટકાના દરે મળ્યું...
- રવી કૃષિ મહોત્સવની શરૂઆત...
- પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના માટે જે પાકોમાં ૫ ટકા પ્રિમિયમ ભરવાનું છે તેમાં રાજ્ય સરકાર તરફથી ૩ ટકા પ્રિમિયમ ભરવાનો નિર્ણય થયો.
- ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપવા ઓર્ગેનિક કૃષિ યુનિવર્સિટીની સ્થાપના.
- ઓર્ગેનિક નીતિ દ્વારા ખેડૂતોને સહાય. ઐતિહાસિક નોંધપાત્ર સિદ્ધિ ખેડૂતોએ મેળવી.
- ખેડૂતોને ખાતરની તંગી ન પડે તે માટે ૨ લાખ મેટ્રીકટન ખાતરનો સ્ટોક રાખવાની વ્યવસ્થા કરાવી આપવામાં આવી...
- કિસાનો માટે ખાસ સોલાર વોટરપમ્પની સુવિધા આપવામાં આવી...
- ખેડૂતોને ટ્રેક્ટરની સહાય માટે ૧૨૦ કરોડ રૂપિયાની સહાય...
- ૯ તાલુકાના, ૬૭૬ ગામોના ૨૩૦૦૦ ઉપરાંત પરિવારો માટે સહકારી ખાંડ મંડળીઓને પુનઃ જીવિત કરી અને ૧૦ કરોડથી વધુની સહાય કરી.
- APMCને રાહત દરે જમીન ફાળવણી તથા સહકારી દૂધ ઉત્પાદક મંડળી, નવી નોંધાયેલ દૂધ મંડળીઓ, કૃષિ સહકારી ધિરાણ મંડળીઓ, જિલ્લા દૂધ ઉત્પાદક સંઘને ડેરી બનાવવા તથા ગોડાઉન વિસ્તૃતીકરણ માટે જમીન ફાળવણી.
- પશુપાલન કરતા પરિવારોના લાભાર્થે 'મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજના'.
- રાજ્યના તમામ ખેડૂતોને ૭/૧૨ અને ૮-અની નકલ વર્ષે એક વખત વિનામૂલ્યે કરાવી...
- ૧૦૦ વર્ષ બાદ પ્રથમવાર રાજ્યની તમામ જમીન રી-સર્વે દ્વારા ખેતીની જમીનોની માપણીની કામગીરી તથા રેકર્ડ પ્રમોલગેશન.
- મુખ્યમંત્રી તથા મહેસૂલ મંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન મહેસૂલી કાયદા/નિયમોમાં ૨૬ જેટલા મહત્વના સુધારા તેમજ ૧૩૪ જેટલા કાર્યવાહી સરળીકરણ અને નીતિ ઘડતર અંગેના સુધારા કર્યા.

### ગ્રામીણ વિકાસ

- 'લોક સંવાદ સેતુ કાર્યક્રમ' દ્વારા ગુજરાતના તમામ તાલુકાઓમાં સ્થળ પર જ ૮૦ ટકાથી વધુ પડતર પ્રશ્નો ઉકેલ.
- 'મા અન્નપૂર્ણા યોજના'નો રાજ્યવ્યાપી અમલ... રાજ્યની ૩.૮૨ કરોડ જનતાને બે રૂપિયે પ્રતિ કિલો ઘઉં અને ત્રણ રૂપિયે પ્રતિ કિલો ચોખા ઉપલબ્ધ
- રૂા.૧૦ હજાર કરોડના ખર્ચે ગ્રામ્ય વિસ્તારના રોડ માટે 'મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના'નું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે.
- ગામોને સ્વાવલંબી, સ્વચ્છ, સમરસ બનાવવા માટે ૩૦૦ ગામો માટે 'સ્માર્ટ વિલેજ યોજના'
- 'મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન' હેઠળ ૧૫૦ નગરપાલિકાઓમાં અને ૮ મહાનગરપાલિકાઓમાં ૧૦૦ ટકા શૌચાલય.
- 'મુખ્યમંત્રીશ્રી સ્વચ્છતા નિધિ'ની રચના દ્વારા શૌચાલય બનાવવા માટે સહાય.
- રાજ્યના ૬૧૦૦ ગામોમાં ૧૨ લાખ ૫૮ હજાર શૌચાલય, ૧૪૭ નગરોમાં ૧૦૦ ટકા શૌચાલય પૂર્ણ. દેશના કુલ ઘર શૌચાલયના ૩૮ ટકા ૪.૯૭ લાખ એકલા ગુજરાતમાં બન્યા.
- ૩૧ માર્ચ ૨૦૧૬ સુધીમાં ભરતી થયેલ શૈક્ષણિક/બીન શૈક્ષણિક કર્મચારીઓને ફાજલ તરીકે રક્ષણ આપ્યું.
- 'ઉજાલા યોજના' અંતર્ગત (LED) બલ્બ વિતરણમાં ગુજરાત પ્રથમ ક્રમે...
- ટોલટેક્ષમાંથી નાના વાહનોને મુક્તિ...
- વનવાસી બાંધવોના ઉત્કર્ષ માટે ૧૯૬ વન વસાહતી ગામોને મહેસૂલી ગામ તરીકેનો દરજ્જો આપવાની ઐતિહાસિક પહેલ
- આદિવાસી વિદ્યાર્થીઓ માટેની નિવાસી મોડેલ સ્કૂલોનું નિર્માણ
- વન અધિકાર પત્રોની નોંધ મહેસૂલી રેકર્ડમાં કરી ૭/૧૨ અને ૮-અ માં નામ નોંધણી દ્વારા માલિકી હક્ક
- સરદાર સરોવર ડેમના દરવાજાની કામગીરી પૂરજોશમાં... ડિસેમ્બર-૨૦૧૬ સુધીમાં પૂર્ણ થશે (નિયત સમયમર્યાદા કરતાં ૯ માસ પહેલાં પૂર્ણ થશે)
- ભાવનગર, જામનગર, જૂનાગઢ અને ભરુચમાં કેન્દ્રીયકૃત મધ્યાહન ભોજન યોજનાના આધુનિક રસોડાનું બાંધકામ ચાલુ
- ૨૦૧૦ માં નર્મદા કેનાલ માટે ૧૧૭૬૦ હેક્ટર જમીન સંપાદન સર્વસંમતિથી કરાવી કચ્છ સુધી નર્મદાનું પાણી પહોંચાડયું
- નર્મદાની મોટી કેનાલને સાંકળતી સબ માઈનોર કેનાલનું ૫ ટકા કામ પૂર્ણ કરાવ્યું
- શહેરી વિસ્તારોમાં ગરીબ મધ્યમવર્ગ માટે આવાસ યોજના અંતર્ગત ૧ લાખ ૭૦ હજારથી વધુ મકાનોની ફાળવણી કરી તથા ૧ લાખ ૩૦ હજારથી વધુ મકાનોનું બાંધકામ ચાલુ છે તથા ૨૦૧૭ સુધીમાં બીજા ૧.૫ લાખ મકાનોનો ઉમેરો થશે. બે વર્ષના સમયગાળાના ઈતિહાસમાં ક્યારેય થયું નથી એવું નોંધપાત્ર કાર્ય કર્યું..
- મેટ્રો ટ્રેનનું પહેલા ફેઝનું કાર્ય સમયસર પૂર્ણ થશે.
- સાતમા પગારપંચની ભલામણોનો સ્વીકાર કર્યો... ૪.૬૫ લાખ કર્મચારી / ૪.૧૨ લાખ પેન્શનરોને લાભ
- માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્ન સમાન 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું કામ પૂરજોશમાં આગળ વધી રહ્યું છે.



**આ અને આવા અનેક કાર્યો ગુજરાતના દરેક જિલ્લાઓ, શહેરો, ગામડાઓમાં પ્રવાસ કરીને છેવાડાના માનવીના વર્ષો જૂના પ્રશ્નોનો ઉકેલ લાવવાનો સંનિષ્ઠ પ્રયત્ન કર્યો છે. આ કાર્યકાળ દરમિયાન ગુજરાતની જનતાએ મને અપાર પ્રેમ આપ્યો છે, સ્નેહ અને હૂંફ આપ્યા છે, માર્ગદર્શન કર્યું છે, નવા વિચારો આપ્યા છે, જેના થકી આજે ગુજરાત દેશનું ગ્રોથ એન્જીન બન્યું છે. ગુજરાતના વિકાસ માટે સતત કામ કરતા રહીએ. 'સૌનો સાથ, સૌનો વિકાસ મંત્રને આત્મસાત્ કરીએ. આપ સૌનો હ્દયપૂર્વક આભાર માનું છું.**

જય જય ગરવી ગુજરાત

શ્રીમતી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

માહિતી ૨૦૧૬-૧૭ (૩૯-૧)